

## સરદારઃ સાચો માણસ, સાચી વાત

ઉર્વીશ કોઠારી
સત્ય મીડિયા
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫, કિંમત : રૂ.૧૨૫ પાનાં : ૧૬૦

*સરદાર પટેલના ચરિત્રનાં અનેક અજાણ્યાં પાસાં ઉપસાવતા લેખો, તેમનાં દુર્લભ વ્યંગચિત્રો અને તસવીરો*

ગાંધીજીની અંતિમ યાત્રા પછી તેમનાં થોડાં અસ્થિ દેશભરમાં વિસર્જિત કરીને, બાકીનો મુખ્ય હિસ્સો તેમનું સ્મારક બનાવીને રાખવો એવું સૂચન થયું હતું...ગાંધીજીનું જીવનકાર્ય પચાવનાર સરદારે સ્પષ્ટ શબ્દોમાં એ સૂચનનો વિરોધ કર્યો...પોતાની વાસ્તવવાદી શૈલીનો પરચો આપતાં (તેમણે) એવું કારણ પણ આપ્યું કે 'મુઠ્ઠીભર હાડકાંના બનેલા ગાંધીજીના શરીરમાંથી એટલાં અસ્થિ જ ન મળે, જેને આખા દેશની નદીઓમાં ભેળવી શકાય અને બાકી રહેતો હિસ્સો સ્મારકમાં યાદગીરી તરીકે રાખી શકાય. તો પછી 'સ્મારકમાં ગાંધીજીના અવશેષો છે' એમ કહીને ભાવિ પેઢીઓને છેતરવાનો શો અર્થ?'

## સંઘર્ષના સથવારે નવસર્જન



માર્ટિન મેકવાન
ગુજરાત ખેતવિકાસ પરિષદ (અમદાવાદ)
પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૦૦,
કિંમત : રૂ. ૧૨૫, પાનાં : ૨૫૨

*ગ્રામીણ ગુજરાતના દલિતોની વ્યથા-વેદના અને પ્રશ્નોને વાચા આપતી કથનીઓ.*

મને ભાલ યાદ આવી ગયું. ગરીબોની એક ટેવ ખરી કે સાંજે ટોળે વળે અને દાંત કાઢે. ૧૯૫૬માં સૌરાષ્ટ્ર સરકારે સફાઇ કામદારોની પરિસ્થિતિનો અભ્યાસ કરવા વ્યાસ કમિશન નીમેલ. એ વાત આ સંદર્ભમાં એટલા માટે યાદ આવી કે વ્યાસસાહેબે આ અહેવાલમાં એવી ટીકા કરી હતી કે ભંગીવાસમાં બધાં ટોળે વળે, ગપ્પાં મારે, બીડીઓ પીવે છે તેના બદલે તેમણે કામ કરવું જોઇએ. પણ જેઓ ગામમાં ગયા નથી અથવા ગરીબો જોડે રહ્યા નથી તેમને એ સમજાતું નથી કે અત્યાચારગ્રસ્ત, ગરીબ અને આ દેશમાં સતત વચનો વગર કશું જ ન મેળવનાર વર્ગ માટે હસવું અને એમ કરીને હસી નાંખવું, એ એક જ સાધન પ્રેશર કુકરની વ્હીસલ જેવું તેમની પાસે બચ્યું છે, પોતાની જાતને કાબૂમાં રાખવાનું. હું ઘણી વાર ઇચ્છું છું કે આ ગરીબો હવે ન હસે તો સારું, જેથી કૂકર એક વાર ફાટે.



## સાંબરડાથી સ્વમાનનગર

હર્ષદ દેસાઇ, ચંદુ મહેરિયા
સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ (સુરત)
પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૧૯૯૫,
કિંમત : રૂ. ૬૫, પાનાં : ૧૩૨

પરિશિષ્ટો સહિત ચાર ભાગમાં વહેંચાયેલ, ગઢવીઓના ત્રાસથી ઉત્તર ગુજરાતના સાંબરડા ગામના દલિતોએ કરેલી હિજરત અને સામાજિક ગુલામી સામેની લડતનો દસ્તાવેજી અભ્યાસ-અહેવાલ.

૧૯૮૯ના જૂન મહિનામાં ગુજરાતમાં એક અદ્‌ભુત ઘટના બની ગઇ. ઉત્તર ગુજરાતના સાંબરડા ગામના ત્રણસો એકત્રીસ દલિતોએ બિનદલિતોના આતંક સામે એક નવી જાતનું બંડ પોકાર્યું - સામૂહિક રીતે, એક જ ઝાટકે પોતાનાં ઘરબાર છોડી દઇને. પોતાના પેટ ખાતર નહીં, પણ સ્વમાન અને સલામતી ખાતર તેઓ બધા ગામમાંથી હિજરત કરી ગયા. આ શાંત-સૌમ્ય-સંયત બળવાનો સરકાર પાસે તાત્કાલિક કોઇ જવાબ નહોતો. એટલે એમાંથી પેદા થયું એક સફળ સામાજિક આંદોલન, જે ચાર મહિના ને દસ દિવસ ચાલ્યું, અને છેવટ સુધી અપરાજેય રહ્યું.

## સૉક્રેટિસ

મનુભાઇ પંચોળી 'દર્શક'
આર.આર. શેઠની કંપની
પહેલી આવૃત્તિ : ૧૯૭૪, પુનર્મુદ્રણ : ૧૯૯૪,
કિંમત : રૂ. ૧૨૦, પાનાં : ૫૦૭



ઐતિહાસિક નવલકથા. મોટા ગુજરાતી લેખક અને કેળવણીકાર દર્શકે આ નવલકથામાં સત્યવીર તરીકે ઓળખાતા ગ્રીક ફિલસૂફ સૉક્રેટિસનાં વ્યક્તિત્વ અને દર્શન ખૂબ સરસ રીતે આલેખ્યાં છે. તદુપરાંત પ્રાચીન ગ્રીસની સંસ્કૃતિ અને પ્રજાજીવનના પ્રતીતિજનક ચિત્રણ માટે પણ આ નવલકથા વાંચવા જેવી છે. સૉક્રેટિસના જીવન સાથે ગ્રીસના યુદ્ધો, શાસનપદ્ધતિ, જાહેરજીવન, મિડિયા અને એપોલેડોરસની પ્રેમકથા, સૉક્રેટિસનું વિષપાન જેવી અનેક બાબતો લેખક વાચક સામે મૂકે છે. ગ્રીક રાજા પેરિક્લિસની પ્રેમિકા અને કલાવંતી એવી 'વારુણી અપ્સરા' એસ્પેશિયાનું પાત્ર વાચકોને મંત્રમુગ્ધ કરી જાય છે.



## સ્મરણમંજરી

રઘુનાથ બ્રહ્મભટ્ટ
એન.એમ. ત્રિપાઠી લિ.
પ્રથમ આવૃત્તિ : ૧૯૫૫ ,
કિંમત : રૂ. ૫, પાનાં : ૩૮૪

રસકવિ તરીકે વિખ્યાત નાટ્યકાર-કવિની આત્મકથા

ઇ.સ.૧૯૧૪માં પૂજ્ય મહાત્માજી આફ્રિકાથી વિજય વરી મોહનદાસ ગાંધી તરીકે મુંબાઇ પધારેલા. તે વખતે અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી તેમની પધરામણી થતી. મોરબી નાટક કંપનીના માલિકે પણ આ તક ઝડપી અને મહાત્માજીને પધરામણીનું આમંત્રણ આપ્યું. મહાત્માજી પધાર્યા. દસેક મિનિટ બેઠા. કંપનીના માલિકે હારતોરા અર્પણ કર્યા, ચરણે નાની થેલી ધરી. જતાં જતાં કહેતા ગયા : મૂળજીભાઇ! મોરબીના બ્રાહ્મણ થઇ આ અધમ ધંધો આદર્યો? બીજો કોઇ ધંધો ન મળ્યો?' વિશ્વની એક મહાન વિભૂતિનો તે દિવસે રંગભૂમિ માટે આ અભિપ્રાય હતો.